# બાકોરના તળાવમાં ગંદકીના થર જામતાં દુર્ગંધથી રહિશો પરેશાન

**તળાવની તાત્કાલિક** સફાઈ અને ડ્રેનેજ સુધારણાની માંગ ઉઠી


તસવીર: ગીરીશ પંચાલ

(પ્રતિનિધિ) ખાનપુર તા.13

ખાનપુર તાલુકાના તળાવમાં સતત ગંદકીના કારણે આસપાસમાં દુર્ગંધ યુક્ત વાતાવરણ પ્રસરી ગયું છે. આ અંગે અનેક રજુઆત છતાં કોઈ પગલાં ન ભરાતાં ભારે રોષની લાગણી જન્મી છે. આખરે સ્થાનિક રહિશોએ આ તળાવની તાત્કાલિક સફાઈ અને ડ્રેનેજ સુધારણાની કામગીરી હાથ ધરવા માગણી કરી છે.

ખાનપુરના પ્રસિદ્ધ બાકોર તળાવમાં છેલ્લા કેટલાક સમયથી વધતી ગંદકી, કચરો અને દુર્ગંધને કારણે પર્યાવરણ પ્રદૂષણ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. આસપાસના વિસ્તારોમાંથી આવતો કચરો, પ્લાસ્ટિક અને ગંદુ પાણી તળાવની સ્વચ્છતા તેમજ સૌંદર્ય બન્નેને ગંભીર અસર પહોંચાડી રહ્યું છે. આ અંગે ગ્રામજનોના મતે તળાવમાં રહેલી ગંદકીના કારણે પાણીની ગુણવત્તામાં ઘટાડો થયો છે. આ દુર્ગંધ અને પ્રદૂષણના કારણે સ્થાનિક રહેવાસીઓ, યાત્રાળુઓ અને પર્યટકોને ભારે અસુવિધાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ તળાવની આસપાસ રહેતા લોકોના આરોગ્ય ઉપર પણ અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

આ અંગે સ્થાનિક ગ્રામજનો તથા યુવા મંડળોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, બાકોર તળાવ અમારૂં ધર્મસ્થળ અને પર્યટન સ્થળ છે, જ્યાં કચરાનો ઢગલો વધતા તળાવની ઓળખને નુકસાન થઈ રહ્યું છે. આથી, તાત્કાલિક સાફ-સફાઈ અને દબાણ દૂર કરવા માટે પ્રશાસનને પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. તેઓએ માંગણી કરી હતી કે, તળાવ વિસ્તારમાં સફાઈ અભિયાન શરૂ કરવી, કચરો ફેંકતા લોકોને રોકવા માટે જાગૃતિ અભિયાન ચલાવવું, નાળીઓનું દબાણ અને ગંદા પાણીના વેગને નિયંત્રિત કરવા માટે ડ્રેનેજ સુધારણા કરવી, તળાવની આસપાસ ડસ્ટબિન અને સૂચના બોર્ડ મૂકવા, નિયમિત મોનિટરિંગ અને મેન્ટેનન્સ કરવાનું જણાવ્યું હતું.

## સરદાર પટેલ યુનિ.નો પદવીદાન સમારંભ 15મીએ યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.13

સરદાર પટેલ યુનિવર્સિટીનો 68મો પદવીદાન સમારંભ 15મી ડિસેમ્બરને સોમવારના રોજ સવારે સરદાર પટેલ યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલય સામે આવેલા માનવ વિદ્યાભવનના પટાંગણમાં યોજાશે. આ દિક્ષાંત સમારંભમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજી આશીર્વચન પાઠવશે. આ સમારંભમાં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. મિનેશ શાહ દીક્ષાંત પ્રવચન આપશે. ગુજરાત રાજ્યના ઉચ્ચ અને તકનિકી શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા ઉપસ્થિત રહેશે. સરદાર પટેલ યુનિવર્સિટીના 68મા પદવીદાન સમારંભમાં કુલ 16,963 વિદ્યાર્થીઓને ડિગ્રી ડીજી લોકરમાં આપવામાં આવશે.

## લુણાવાડામાં ભવ્ય રંગોળી અને દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું



યુનેસ્કો દ્વારા દીપાવલી પર્વને અમૂર્ત સાંસ્કૃતિક વારસાની પ્રતિનિધિ યાદીમાં સમાવેશ કરીને સન્માનિત કરાતા મહીસાગર જિલ્લામાં વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક સિદ્ધિની ઉજવણીના ભાગરૂપે લુણાવાડાના સુપ્રસિદ્ધ અને પ્રાચીન લુણેશ્વર મહાદેવ મંદિરના આંગણામાં ભવ્ય રંગોળી અને દીપ પ્રાગટ્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહીસાગર જિલ્લાના ઐતિહાસિક વારસાને સાંકળીને એક મનમોહક રંગોળી તૈયાર કરવામાં આવી હતી, જેમાં લુણાવાડાની શાન સમાન ઐતિહાસિક 'દરકોલી દરવાજો' તેમજ મહીસાગરની ઓળખ સમાન 'ડાયનાસોર'ની પ્રતિકૃતિ કંડારવામાં આવી હતી. આ કલાત્મક સર્જન જિલ્લાના જાણીતા અને યુનેસ્કોના પાંચ એવોર્ડ વિજેતા આર્ટિસ્ટ બિપીન પટેલ અને રંગોળી આર્ટિસ્ટ પ્રતિભા મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં શાળાની બાલિકાઓએ પણ ઉત્સાહભેર જોડાઇ હતી. તસવીર : ચિંતન પટેલ

# લુણાવાડા તાલુકામાં ખેડૂત સહાયમાં ગેરરીતિનો આક્ષેપ

**જુદા-જુદા દસ્તાવેજોના** આધારે સહાય ચૂકવાતા તપાસની માંગ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.13

લુણાવાડામાં ખેડૂત સહાયમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેમાં દસ્તાવેજો અને બેન્ક એકાઉન્ટ અલગ હોવા છતાં સહાય ચુકવવામાં આવી હોવાની રજુઆત કરવામાં આવી છે.

લુણાવાડાના જાગૃત નાગરિકે રાજ્ય સરકારની પાક સહાય - 2025 યોજનામાં ગેરરીતિ થઈ હોવાની લેખિત ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ વિસ્તરણ અને તાલુકા ખેતીવાડી અધિકારી, લુણાવાડા સમક્ષ રજૂ કરવામાં આવી છે. રજૂઆતકર્તાએ આક્ષેપ કર્યો છે કે અરજી ફોર્મમાં સામેલ કરવામાં આવેલા મહત્ત્વના દસ્તાવેજોમાં મોટી અને સ્પષ્ટ અનિયમિતતા જોવા મળે છે, તેમ છતાં સહાયની ચૂકવણી થઈ છે, જે તપાસનો વિષય છે. ફરિયાદીએ તેમની રજૂઆતમાં ચોક્કસપણે જણાવ્યું છે કે લુણાવાડા તાલુકાના એક ગામના અરજદારની પાક સહાય અરજીમાં જમીનના 8-અ ખાતાનો આધાર એક અલગ નામનો મુકવામાં આવ્યો છે. આ અનિયમિતતા અહીં સમાપ્ત થતી નથી. અરજીમાં દર્શાવેલ બેંક ખાતાનો નંબર અને ખાતા ધારકનું નામ પણ ઉપરોક્ત નામો કરતાં જુદું છે. આમ, એક જ અરજીમાં જમીનનો આધાર, વ્યક્તિગત ઓળખ આધાર કાર્ડ (જે ઓળખ આધાર તરીકે સમજાય છે), અને બેંક ખાતાના દસ્તાવેજોમાં વ્યક્તિના નામની વિગતો જુદી-જુદી છે.

આ મામલે રજૂઆતકર્તાએ ગંભીર પ્રશ્ન ઉઠાવ્યો છે કે, આટલી સ્પષ્ટ વિસંગતતા હોવા છતાં અરજદારને સહાય કેવી રીતે મળવાપાત્ર થઈ ? તેમણે માંગણી કરી છે કે, આ રીતે વિસંગતતાવાળા અરજદારને સહાય ચૂકવાઈ હોય તો તે સમગ્ર પ્રકરણની ઝીણવટભરી તપાસ થવી જોઈએ. ખેતીવાડી અધિકારીને વિનંતી કરવામાં આવી છે કે જો સરકારી સહાયનો દુરુપયોગ થયો હોય તો તાત્કાલિક કાર્યવાહી કરવામાં માંગણી કરવામાં આવી છે.

# નડિયાદમાં પતિ-પત્નીએ સામસામી ફરિયાદ આપી

**પત્નીએ દહેજ** જ્યારે પતિએ એટ્રોસિટી એક્ટ હેઠળ નોંધાવી ફરિયાદ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.13

નડિયાદના કપડવંજ રોડ પર આવેલ જલારામ નગરમાં રહેતા અને પ્રેમલગ્ન કરનાર દંપતીના પરિવારો વચ્ચે કૌટુંબિક ઝઘડો થતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

નડિયાદ કપડવંજ રોડ પર એસઆરપી કેમ્પ સામેની જલારામ સોસાયટીમાં રહેતી 22 વર્ષીય ભગવતીની ફરિયાદ મુજબ, તેની મુલાકાત મનીષ ફૂલચંદ શ્રીમાળી સાથે થઈ હતી. બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાતા વર્ષ 2022માં કોર્ટ મેરેજ કર્યા હતા. જોકે આ લગ્ન મનીષના પિતા ફૂલચંદ, નણંદ અંકિતા, નણદોઈ અજય, ફોઈ સાસુ રમીલા અને જેઠ અક્ષય તેમજ અલ્કેશને મંજૂર ન હતા. સાસરિયાઓની ચઢામણીથી પતિ મનીષ તેને દહેજ બાબતે મેણાં-ટોણાં મારી ત્રાસ આપતો હતો. દરમિયાન 4થી ડિસેમ્બરના રોજ ગીરવે મુકેલી કાર છોડાવવા બાબતે પતિ-પત્ની વચ્ચે તકરાર થઈ હતી. જેમાં મનીષે ભગવતીને લાકડીથી માર માર્યો હતો. અને વચ્ચે પડેલા સાસુ-સસરા સાથે પણ ઝપાઝપી કરી હતી.

બીજી તરફ મનીષ શ્રીમાળીએ વળતી ફરિયાદમાં જણાવ્યું છે કે, પ્રેમલગ્ન બાદ તેના સાસુ ગીતા બારોટ અને સસરા અતુલ બારોટ જ્ઞાતિ વિષયક અપશબ્દો બોલી અપમાનિત કરતાં હતાં. આ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે બન્ને પક્ષ સામે ગુનો નોંધ્યો હતો.

# બાકોરની હોટલમાં ત્રાટકેલા બે લુંટારૂ રંગેહાથ પકડાયાં

**સ્ટાફ મેમ્બરોએ** લુટારાઓને પડકાર પકડી પાડયા

(પ્રતિનિધિ) ખાનપુર તા.13

ખાનપુરના ઉમરીયા નરોડા ગામમાં આવેલી શિવશકિત હોટલમાં લુટારાઓ ત્રાટકયા હતા. જો કે બાજુની રૂમમાં સુતેલા હોટલ સંચાલકોને લુંટના કાવતરાની ગંધ આવી ગઇ હતી. જેમા સંચાલકોએ બે લુટારાઓને રંગેહાથ પકડી બાકોર પોલીસને હવાલે કર્યા હતા.

ખાનપુરના નરોડા ઉમરીયામાં આવેલ શિવશકિત હોટેલ જીતેન્દ્રસિંહ ફોરનસિંહ ચૌહાણ ભાડાપટ્ટા પર ચલાવી રહ્યાં છે.અને હોટલમાં છ સાત માણસો પણ કામ કરી રહ્યાં છે.ત્યારે તા.11-12-2025 ના રોજ સવારે સાત વાગ્યે રાબેતા મુજબ હોટલ ખોલેલી અને વેપાર ધંધો પતાવી રાત્રે અગિયારેક વાગે હોટલ બંધ કરી દેવામાં આવી હતી.. જે પછીથી જીતેન્દ્રસિંહ હોટલની બાજુમાં આવેલ રૂમમાં સુઇ ગયા હતા.જયારે અન્ય સ્ટાફ મેમ્બરો હોટલના અંદરના ભાગે સુઇ ગયા હતા.તે પરિસ્થિતિમાં રાત્રે એક વાગ્યની આસપાસ હરિન્દર તોમર નામના હોટલકર્મી બાજુમાં સુતેલા જીતેન્દ્રભાઇની રૂમ પર પહોચ્યો હતો..અને હોટલમાં બે ચોર તસ્કરીના ઈરાદે ઘુસ્યા હોવાનું જણાવ્યુ હતુ..જને લઈને હોટલનો તમામ સ્ટાફ ચોર ઈસમોને પડકારવાના ઈરાદે હોટલ કાઉન્ટર પર પહોચ્યો હતો..જયા તસ્કરો કાઉન્ટર પરની કટલરી ઉઠાવી બેગ ભરતા નજરે પડતા હોટલ સ્ટાફ મેમ્બરોએ તસ્કરોને લલકાર્યા હતા.જો કે ત્યારે ચોરીના ઈરાદે આવેલા લુટારાઓએ ઘાતક હથિયારો સાથે હોટલ સ્ટાફ મેમ્બરો પર વળતો હુમલો કર્યો હતો..પરંતુ હોટલ સ્ટાફ મેમ્બરોએ લુંટના ઈરાદે આવેલ બન્ને ઈસમોને હથિયાર સાથે પકડી લીધા હતા.. તે સ્થિતિમાં પકડાયેલ બન્ને ચોર ઈસમો પ્રફુલ જગન્નાથ વાઘમારે રહે,વડોલી,મહારાષ્ટ્ર તથા લોકેશ સંભાજી તુપે રહે,બનવડી ,મહારાષ્ટ્રનો હોવાનું જાણવા મળ્યું હતુ..જે અંગે જીતેન્દ્રસિંહે પકડાયેલ બન્ને ઈસમોને બાકોર પોલીસને હવાલે કરી ફરીયાદ નોંધાવી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના વ્યાસવાસણા પે સેન્ટર શાળાના બાળકોનો કચ્છમાં શૈક્ષણિક પ્રવાસ યોજાયો



**કપડવંજ |** કપડવંજના વ્યાસવાસણા પે સેન્ટર શાળા દ્વારા કચ્છના ઐતિહાસિક અને ભૌગોલિક વારસાગત વિશેષતાની તાદ્રસ્ય સમજ તથા શૈક્ષણિક અધ્યયનના હેતુ સિદ્ધિ સાથે રોજિંદા જીવનમાં વિવિધતા જાણવા બક્ષવા, કચ્છ જિલ્લાની પ્રાદેશિકતા,સંસ્કૃતિ જીવનશૈલીના જમા-ઉધાર પાસા ઉપરાંત બાળકોને જીવન કૌશલ્ય વિકાસ, નિયમિતતા સમૂહજીવન,એકતા,સહનશિલતા,સમરૂપતા જેવા ગુણોની જીવનમાં કેળવણી, પાયાના ઇતિહાસ તેમજ તેની ધરોહર ભૂપૃષ્ઠની સમજ માટે શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. આ શાળાના આચાર્ય કનુભાઇ પ્રજાપતિ અને શિક્ષકગણના આગોતરા કુનેહયુક્ત આયોજનથી પ્રવાસ નિર્વિઘ્ન સંપન્ન થયો હતો.

### કપડવંજ શહેરની સ્કૂલમાં સુરક્ષા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



**કપડવંજ |** શારદા મંદિર સ્કૂલ ખાતે સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ધોરણ 6થી 8ની તમામ વિદ્યાર્થીનીઓને સ્વબચાવની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ સુરક્ષા સેતુના કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનના ડ્રીલ ઇન્સ્ટક્ટર પ્રવિણસિંહ રમેશભાઈ સોલંકી તથા કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન કરાટે ટ્રેનર વિનયભાઈ ધીરુભાઈ કુચારાએ સ્વબચાવી તાલીમ વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. આ તાલીમ તાલુકાની બીજી બધી શાળાઓમાં આપવામાં આવશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના બાળકોએ પાંજરાપોળની મુલાકાત લીધી



**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના બાળકો કપડવંજની 150 વર્ષ જૂની શેઠ મીઠાભાઇ ગુલાલચંદ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત પાંજરાપોળની મુલાકાતે ગયાં હતાં. જ્યાં તેઓએ પાંજરાપોળ વિશે માહિતી મેળવી હતી. આ પાંજરાપોળ ખાતે હાલ 1200 જેટલા પશુઓ છે, જેવોનો નિભાવ ખર્ચ દૈનિક 60 હજાર રૂપિયા જેટલો થાય છે. જે દાતાઓ દ્વારા મેળવાય છે, બાળકોને આ અંગેની માહિતી પાંજરાપોળના ભદ્રેશભાઈ ભટ્ટે આપી હતી અને બાળકોએ જીવ દયા વિશે માહિતી પણ મેળવી હતી.

### લુણાવાડાની કે.બી. પટેલ હાઇસ્કુલ ખાતે તાલુકા કક્ષાની રમતો યોજવામાં આવી




**લુણાવાડા |** તાલુકા કક્ષાનો સ્પોર્ટ્સ કાર્યક્રમ કે.બી પટેલ હાઈસ્કૂલ, કિડીયા, વખતપુર લુણાવાડા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં જુદાં જુદાં વિસ્તારના લગભગ 250થી વધારે યુવાનોએ ભાગ લીધો હતો. ભાઈઓ માટે કબડ્ડી, ગોળાફેંક, ચક્રફેંક તેમજ બહેનો માટે ખો-ખો, 100 મીટર દોડ તથા લાંબી કૂદનું આયોજન કર્યું હતું. આ વિવિધ રમતોમાં વિજેતા ટીમોને ટ્રોફી, પ્રમાણપત્રો રેફરીને ગિફ્ટ આપીને સમ્માનિત કર્યો હતા. આ પ્રસંગે બાળકોમાં ખૂબ ઉત્સાહ જોવા મળ્યો હતો. કે.બી.પટેલ હાઇસ્કુલનાં પ્રિન્સિપાલ ગિરીશભાઈ પટેલ, પ્રાથમિક શાળા આચાર્ય ભરતભાઈ વાળંદ, કુમુદ પટેલ, કોમલબેન શ્રીમાળી, અંકિતા પટેલ, યશ પટેલ, ધર્મિષ્ઠા પટેલ, મિતેષ પટેલ. તથા આ પ્રસંગને હાઈસ્કૂલનો સ્ટાફ વગેરે કાર્યક્રમને સફળ કરવામાં ભારે જહેમત ઉઠાવી હતી.

### વડતાલધામાં મીમાંસા શાસ્ત્ર- અર્થસંગ્રહનું ગુજરાતી પુસ્તક લોકાર્પણ કરાયું



**આણંદ |** વડતાલધામના સંત ડો.સંતવલ્લભદાસ સ્વામી દ્વારા અનુસર્જનાત્મક, મીમાંસા દર્શનના અર્થસંગ્રહનું અનુવાદ અને અર્થચંદ્રિકા ટીકા સહિત, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે. જેનું વિમોચન 107મી રવિસભામા કરવામાં આવ્યું હતું. જેમાં ડો. સંતવલ્લભદાસ સ્વામી, ડો. જયેન્દ્રસિહ જાદવ મહામાત્ર ગુજરાત સાહિત્ય અકાદમી, ડો.બળવંત જાની કુલપતિ સાગર, ડો. હિતેશભાઈ પટેલ (પ્રીન્સીપાલ), પ્રવિણભાઈ પટેલ (વડદલા હાલ લંડન), વલ્લભ હરિઓમ સ્વામી પાઠશાળા વડતાલ અલ્પિતભાઈ પટેલ ટ્રસ્ટી જોડાયા હતા.

### ચારુસેટ યુનિવર્સિટી રિસર્ચ સેન્ટરના ડિરેક્ટરને પ્રતિષ્ઠિત ફાઉન્ડર્સ રિસર્ચ એક્સેલન્સ એવોર્ડ




**આણંદ |** વિખ્યાત બાયોટેકનોલોજીસ્ટ, સાયન્ટીફીક એડવાઈઝર અને ચારુસેટ યુનિવર્સિટી રિસર્ચ સેન્ટરના ડિરેક્ટર ડો. દત્તા મદમવારને વર્ષ 2025 માટે પ્રતિષ્ઠિત ફાઉન્ડર્સ રિસર્ચ એક્સેલન્સ એવોર્ડ (અંડર સિનિયર રિસર્ચર્સ/મેન્ટર્સ) માટે નોમીનેટ કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ તેમને થાઇલેન્ડના બેંગકોકમાં વિન્ડહામ મેનમ રિવરસાઇડ દ્વારા યોજાયેલ સિન્થેટિક બાયોલોજી એન્ડ ફ્યુચર ફૂડ નેટવર્કિંગ ફોરમ એન્ડ સબ્જેક્ટ કોન્ફરન્સ 2025 દરમિયાન એનાયત કરવામાં આવ્યો હતો. આ ફોરમમાં સિન્થેટિક બાયોલોજી, ફ્યુચર ફૂડ, કાર્બન કેપ્ચર એન્ડ યુટિલાઇઝેશન, નેક્સ્ટ એનર્જી અને ક્લાઇમેટ ટેકનોલોજી સહિતના નવતર વિષયો વિશેની શોધ અને પ્રગતિ કેન્દ્રબિંદુ હતી.

### બીવીએમના એનસીસી કેડેટ્સે એકતા દિવસમાં ડિરેક્ટોરેટનું પ્રતિનિધિત્વ કર્યું



**આણંદ |** વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (BVM) કોલેજના ચાર એનસીસી કેડેટ્સને સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા ખાતે એકતા દિવસ - સ્પેશિયલ નેશનલ ઇન્ટિગ્રેશન કેમ્પ માટે પસંદગી કરવામાં આવી હતી. કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થી સીએસએમ ઈદ્રિશ માલેક, ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગની વિદ્યાર્થી એલસીપીએલ શીના પટેલ, તેમજ મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થી એલસીપીએલ આલોક યાદવ અને કેડેટ જયવીરસિંહ જાડેજાએ આ પ્રતિષ્ઠિત કેમ્પમાં ગુજરાત ડિરેક્ટોરેટનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ કેમ્પ દરમિયાન એકતા પરેડ, ડ્રિલ સ્પર્ધા અને કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ઉમરેઠમાં વૈષ્ણવાચાર્ય ગુસાઇજીના પ્રગટયોત્સવ નિમિત્તે વૈષ્ણવ હવેલીથી શોભાયાત્રા નીકળી



**ઉમરેઠ |** ઉમરેઠ નગરમાં વૈષ્ણવાચાર્ય ગુસાઇજીના પ્રગટયોત્સવ નિમિત્તે વૈષ્ણવ હવેલીથી શોભાયાત્રા નીકળી હતી. જેમાં ખુબ મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તો પરિવાર સાથે મોટી સંખ્યામાં જોડાયા હતા. ખુબ સુશોભીત બગીમાં ગોસાઈજીની છબીના દર્શન મનમોહક લગતા હતા. ડીજે પર વૈષ્ણવ ભજનોની ધૂન પર ઉમરેઠ જાણે ગોસાઈ ભક્તિના રંગમાં રંગાઈ જીવલું પ્રતીત થતું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, હિંદુ ધર્મના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય વલ્લભાચાર્યજી પ્રયાગના ત્રિવેણી-તીર્થ નજીકના કાંઠે આવેલા અડેલ ગામ નજીકના દેવલિયા ગામમાં રહેતા હતાં.

### આણંદની આઈજે પટેલ બી. એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થી વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈજે પટેલ બી. એડ્. કોલેજનો પ્રશિક્ષણાર્થી મિહિર તળપદાએ વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. પટેલ જે. બી. રુદેલવાલા આર્ટસ તથા આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદ દ્વારા આયોજિત ધનકાકા વિજયપદ્મ ઇન્ટર સર્ટિફિકેટ વક્તૃત્વ સ્પર્ધામાં બોરસદ સત્યાગ્રહ વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. કુલ 44 જેટલા પ્રતિસ્પર્ધીમાં સર્વ પ્રથમ રહી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સંસ્થાના મંત્રી કેતનભાઈ, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### ચારૂસેટ શાખા ખાતે એટીએમ મશીનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી



**આણંદ |** ધી ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કોઓપરેટિવ બેંક લિ. દ્વારા તેના ગ્રાહકોને ઝડપી સેવાઓ અને વધુ સરળતા પૂરી પાડવાના હેતુથી ટેક્નોલોજીકલ અપગ્રેડેશનના ભાગરૂપે ચારૂસેટ શાખા ખાતે એટીએમ મશીનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. બેંકના કર્મનિષ્ઠ ચેરમેન તેજસકુમાર બી પટેલના નેતૃત્વ હેઠળ કેડીસીસી બેંકના ડિજિટલાઇઝેશન સાથે આ પહેલ કરવામાં આવી છે. આ એટીએમ મશીનનું લોકાર્પણ ચારુસેટ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. અતુલભાઈ પટેલ, કેડીસીસી બેંકના ચેરમેન તેજસકુમાર બી.પટેલ અને ડિરેક્ટર ભરતભાઈ આર. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેડીસીસી બેંકના સીઈઓ અરવિંદભાઈ ઠક્કર અને ચારૂસેટ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર બિનીત પટેલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નડિયાદના વિદ્યાર્થીઓએ 8 મિનિટમાં 200 દાખલા ગણી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું



**નડિયાદ |** જ્યોર્જિયામાં યોજાયેલા આંતરરાષ્ટ્રિય યુસી માસ અબાકસ સ્પર્ધામાં આરડી એલેક્સ નડિયાદના 21 વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધાના ભાગરૂપે આ પ્રતિયોગીતામાં 8 મિનિટમાં 200 દાખલા કરવાનો પડકાર પાર કરીને વિજેતા બન્યાં હતાં. ભાગ લેનારા તમામને વિવિધ ટ્રોફિથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. જે પૈકી 2 ફર્સ્ટ રનરઅપની ટ્રોફી પ્રાપ્ત થઇ હતી.